તા. ૨૫-૫-૨૦૧૭-ગુરૂવાર 4

# સાંજ સમાચાર

## સુરેન્દ્રનગર જિલ્લા સમાચાર

બ્યુરો ઓફિસ : ફારૂક ચૌહાણ, મો. ૯૮૨૪૮ ૩૨૦૨૦

# ચુડાની એસ.બી.આઈ. બેન્કમાં પાસબુકનું એન્ટ્રી મશીન બંધ

## છેલ્લા આઠ માસથી સમસ્યા છતા બેંકનું તંત્ર બેદરકાર

(ફારૂક ચૌહાણ)

વઢવાણ તા.૨૫

ચુડાની એસબીઆઈ બેંકમાં છેલ્લા આઠ માસથી પાસબુક પ્રિન્ટ કરવાનું મશીન બંધ છે. આથી હજારો ખાતેદારોને હાલાકી ભોગવવી પડી રહી છે. આ અંગે અનેકવાર રજુઆત કરવા છતા અધિકારીઓએ યોગ્ય ન કરતા એસબીઆઈ બેંકનો અંધેર વહીવટ ભાસી રહ્યો છે.

ચુડા ખાતે આવેલ એસબીઆઈ બેંકમાં ૧૦થી ૧૫ ગામોના ખાતાઓમાં વહીવટ થાય છે પરંતુ એસબીઆઈ બેંકનુ પાસબુક પ્રિન્ટીંગ મશીન છેલ્લા આઠ માસથી બંધ છે.

આ અંગે ઓમદેવસિંહ ઝાલાએ જણાવ્યું કે હાલ લોકો બેંકમાં પાસબુકની એન્ટ્રી કરાવવા આવે છે પરંતુ છેલ્લા આઠ માસથી કોઈ જ ખાતેદારોની એન્ટ્રી પાડવામાં આવી નથી. આ અંગે અધિકારીઓને રજુઆત કરવા છતા હજુ સુધી કોઈ કાર્યવાહી કરાઈ નથી.

આ અંગે બેંકના રીજીયોનલ મેનેજર મકવાણાભાઈએ જણાવ્યું કે અમોને ખબર જ નથી કે આઠ માસથી એન્ટ્રી મશીન બંધ છે આ અંગે શાખા મેનેજરના સંપર્ક કરી યોગ્ય વ્યવસ્થા કરવામાં આવશે. જયારે ચુડા એસબીઆઈના ઈન્ચાર્જ મેનેજર રાકેશકુમારે જણાવ્યું કે પાસબુકમાં એન્ટ્રી બાબતે બે માસ પહેલા બેંક દ્વારા માગણી કરવામાં આવી છે હાલમા જે મશીન છે તે ખરાબ થઈ ગયુ છે જે રીપેર થઈ શકે તેમ નથી આથી નવું મશીન આપવામાં આવશે.






**સુરેન્દ્રનગરમાં ગરમીનો હાહાકાર : લોકો ત્રાહિમામ : રણમાં પારો ૪૯ ડિગ્રીને પાર** સુરેન્દ્રનગર શહેર અને તાલુકા મથકોએ ગરમીએ હાહાકાર મચાવ્યો શહેરના રોડ–રસ્તાઓથી લઈ અગન વર્ષાનો ગઈકાલે લોકોએ અહેસાસ કર્યો હતો. સુરેન્દ્રનગર જિલ્લાના તાલુકા મથકોએ પણ આકરા તાપમાન અને ગગનમાં અગન સજાવાનો અહેસાસ ભારે માત્રામાં થયો હતો બપોરના ૧ થી ૫ સુધી હાઈવે ઉપરનો વાહન વ્યવહાર નહીવત જોવા મળ્યો હતો. ખાસ કરીને સુરેન્દ્રનગર જિલ્લાના છેવાડાના રણ વિસ્તાર ખારગોઢા પાટડી દસાડા જેવા ગામોમાં તો વધુ આકરો તાપમાન જોવા મળ્યો હતો બપોરના ૪ વાગતા ગરમીનો હાહાકાર રણ વિસ્તારમાં સર્જાવા પામ્યો હતો. રણનો પારો ત્રણથી ચાર વાગ્યાના અરસામાં ૪૯ ડિગ્રી સુધી પહોંચતા આ વિસ્તારમાં મજુર પરિવાર અને રણના અગરના અગરીયાઓની સ્થિતિ દયજનક બનવા પામેલ હોવાનું હાલમાં જાણવા મળેલ છે ત્યારે સુરેન્દ્રનગર જિલ્લો સૌથી વધુ ગરમ રહયો છે. (તસ્વીર / અહેવાલ : ફારૂક ચૌહાણ – વઢવાણ)

# સુરેન્દ્રનગર જિલ્લામાં આર.ટી.ઈ. હેઠળ પ્રવેશ આપવામાં ડાંડાઈ કરતી ત્રણ શાળાઓના સંચાલકોને મળી નોટીસ

## શિક્ષણ વિભાગ આકરા પાણીએ : માન્યતા રદ કરવાની ચીમકી આપતા શાળા સંચાલકોમાં ફફડાટ

(ફારૂક ચૌહાણ દ્વારા) વઢવાણ, તા. ૨૫

સુરેન્દ્રનગર જિલ્લામાં આ વર્ષ પ્રાથમિક શિક્ષણ વિભાગને ૧૬૦૦ વિદ્યાર્થીઓને ધો.૧મા આર.ટી.ઈ. હેઠળ પ્રવેશના લક્ષ્યાંક હતો જેની સામે તંત્ર દ્વારા ૧૫૯૫ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની કાર્યવાહી હાથ ધરાઈ છે. ત્યારે જિલ્લાની ૩ શાળાઓએ આર.ટી.ઈ. હેઠળ પ્રવેશ આપવાનો ઈન્કાર કરતા શિક્ષણ વિભાગે નોટીસ આપી શાળાની માન્યતા રદ કરવા સુધીની ચીમકી આપી છે.

સુરેન્દ્રનગર જિલ્લામાં રાઈટ ટુ એજયુકેશન હેઠળ ગરીબ પરિવારોના બાળકો સેલ્ફ ફાઈનાન્સ સ્કુલોના અભ્યાસ કરી શકે તે માટે દર વર્ષે કાર્યવાહી કરાય છે જે અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લા પ્રાથમિક શિક્ષણ વિભાગને આ વર્ષ ૧૬૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો ટાર્ગેટ મળ્યો હતો.

ઓનલાઈન કાર્યવાહી પૂર્ણ થતા શિક્ષણ વિભાગ દ્વારા ૧૫૯૫ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવનાર છે પ્રવેશ પ્રક્રિયા દરમિયાન સુરેન્દ્રનગરની દયામયી માતા ઈંગ્લીશ સ્કુલ લખતરની સેન્ટ જોસેફ સ્કુલ અને લીંબડીની સેન્ટ થોમસ સ્કુલના સંચાલકોએ પોતાની શાળા લઘુમતી શાળા હોવાનું જણાવી પ્રવેશ આપવાનો ઈન્કાર કરી દીધો હતો. જેની તપાસ કરતા દયામયી શાળા પાસે તો માધ્યમિક વિભાગના લઘુમતી શાળાનું પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું.

આથી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી આર.સી.પટેલે ત્રણેય શાળાને નોટીસ પાઠવી છે જેમાં આઈટીઈ હેઠળ પ્રવેશ આપવામાં નહી આવે તો શાળાની માન્યતા રદ કરવા સુધીની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

**આરટીઈ પ્રવેશમાં પૈસા માગે તો અમને જાણ કરો**

આરટીઈ હેઠળ પ્રવેશમાં વાલીઓએ ધો.૧ના બાળકના પ્રવેશ સમયે ફી ચુકવવાની હોતી નથી આ ફી શાળાને સરકાર તરફથી આપવામાં આવે છે. તેમ છતાં જો કોઈ અગાઉ ફી માગે તો જિલ્લા પ્રાથમિક શિક્ષણ વિભાગને તુરંત જાણ કરવી.

**ચોટીલા હાઈવે પર થયેલી મારામારી**

ચોટીલા નેશનલ હાઈવે પર તા. ૧૦મેના રોજ પૈસાની લેતીદેતી બાબતે મારામારી થઈ હતી જેમાં વાલાભાઈ હરીભાઈ ભરવાડ અને ઘુસાભાઈ પોપટભાઈ, સાયલા તાલુકાના હડાળા ગામના મફાભાઈ ખીમાભાઈ ભરવાડને માર માર્યો હતો પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી છે આ બનાવની વધુ તપાસ ચોટીલા પોલીસ ચલાવી રહી છે.

# સુરેન્દ્રનગરમાં પાણી પ્રશ્ને ઘાંચીવાડ વિસ્તારની મહિલાનો સુધરાઈ કચેરીમાં હંગામોઃ સત્વરે યોગ્ય નહિ થાય તો આંદોલન

## ૧૨ દિવસથી પાણી નહિ મળતા વિફરીઃ માટલાફોડ સહિતના કાર્યક્રમો આપવા મહિલાની ચીમકી

(ફારૂક ચૌહાણ)

વઢવાણ તા.૨૫

સુરેન્દ્રનગરના ટાવર પાસે આવેલા ઘાંચી વાડ વિસ્તારમાં છેલ્લા ત્રણ પાણીના વારાથી પીવાનું પાણી ન આવતા મહિલોઓ ત્રાસી ઉઠી હતી.

જેમાં મહિલાઓનું ટોળુ પાલિકા કચેરીએ ધસી આવ્યુ હતું અને પાણી નહી આવે તો પાલિકામાં માટલા ફાડવાની ચીમકી આપી હતી.

સુરેન્દ્રનગર નગરપાલિકાના અનેક વિસ્તારોમાં ખરા ઉનાળે અનિયમીત અને અપુરતા પાણીની રાવ ઉઠી રહી છે. ત્યારે શહેરના ટાવર પાસે આવેલ ઘાંચીવાડ વિસ્તારમાં છેલ્લા ત્રણ વારાથી પીવાનું પાણી ન આવતા મહિલાઓ હેરાન પરેશાન થઈ ઉઠી છે. છેલ્લા ૧૨ દિવસથી પીવાનું પાણી ન આવતા મહિલાઓ પાલિકા કચેરીએ દોડી આવી અને હંગામો મચાવ્યો હતો.

મહિલાઓએ મૌખીક રજુઆત કરતા જણાવ્યુ હતું કે પીવાના પાણી માટે રીતસરના રઝળપાટ કરવા પડે છે. આમ છતા પાણીના કનેકશનો હોવા છતા વેચાતુ પાણી લઈને પીવાનો વારો આવે છે.

જો ઘાચીવાડ વિસ્તારમાં પીવાનું શુધ્ધ પાણી આપવામાં નહીં આવે તો મહિલાઓ પાલીકા કચેરીમાં આવીને માટલા ફોડવાના કાર્યક્રમ કરવામાં આવશે તેવી ચીમકી પણ ઉચ્ચારવામાં આવી હતી. આ અંગે નગરપાલિકાના ઈજનેર હેરમાએ જણાવ્યુ હતું કે આ વિસ્તારમાં લોકો માટે પાણીના ટેન્કર મોકલી આપીશુ અને વહેલી તકે શુધ્ધ પાણી મળે તે માટેના પ્રયાસો ચાલુ છે.

**થાન મામલતદારને ૨ હજારનો દંડ**

થાનના આંબેડકર નગરમાં રહેતા હિમતભાઈ લાલજીભાઈ ચાવડાએ થાન મામલતદાર કચેરીમાં તા.૩૧/૫/૧૫ના રોજ માહિતી માંગી હતી જેમાં થાન મામલતદાર કચેરી દ્વારા તા.૧૪/૮/૧૫ના રોજ રૂપિયા ૧૩૨ ફી ભરવાનું અરજદારને જણાવાયુ હતું.

ત્યારબાદ તા.૮/૨/૧૬ના રોજ અરજદારને માહિતી મળી હતી. આથી આ અંગે માહિતી આયોગમાં અપીલ કરાતા માહિતી આપવાના અરજદાર પાસેથી પૈસા લેવા બદલ થાન મામલતદાર વી.બી. પરમારને રૂપિયા ૨ હજારનો દંડ પટકારાયો છે.

**ટ્રાફીકને અડચણરૂપ ટ્રક ચાલક સામે ફરીયાદ**

સુરેન્દ્રનગર રાજકોટ હાઈવે પર આવેલા મેકશન સર્કલ પાસે જોરાવરનગર પોલીસની ટીમ પેટ્રોલીંગ કરી રહી હતી.

આ દરમિયાન ટ્રાફીકને અડચણ રૂપ ટ્રક મુકતા ખમીયાણાના રાજાભાઈ માધાભાઈ બારીયા સામે જોરાવરનગર પોલીસ મથકે ગુનો નોંધાયો છે. બનાવની વધુ તપાસ જે.કે. શેરઠીયા ચલાવી રહ્યા છે.

# લીંબડીમાં યુવાન પર તલવારના ઘા ઝીંકી રોકડ, બાઈક, સોનાના ચેઈનની લૂંટ

## પેટ્રોલ પંપ પરથી બહાર નીકળતા અગાઉથી રાહ જોઈને ઉભેલા છ શખ્સો તલવારથી હુમલો કરી લૂંટ ચલાવી નાસી છુટતા ચકચાર

(ફારૂક ચૌહાણ) વઢવાણ તા.૨૫

લીંમડીમાં કાયદો વ્યવસ્થાનું વસ્ત્રાહરણ જોવા મળે છે. મર્ડરની ઘટના સમી નથી ત્યાં વળી યુવાન ઉપર તલવાર વિંઝી અને લુંટ પણ ચલાવાઈ હોવાની ઘટના બની છે.

સુરેન્દ્રનગર જિલ્લાના લીંમડીમાં કાયદો વ્યવસ્થાનું જગ જાહેરમાં પોલીસ તંત્રના રાજમાં વસ્ત્રાહરણ થઈ રહયું છે. લીંમડીમાં હજુ મુસ્લિમ યુવાનની હત્યાના લબકારા સમ્યા પણ નથી ત્યાં જ વળી ફરીવાર તલવાર વડે હુમલો અને લુંટનો બનાવ બનવા પામ્યો છે.

લીંમડી તાલુકાના ચોરણીયા, ગામનો યુવાન પેટ્રોલ પંપ ઉપર પેટ્રોલ ભરાવવા માટે આવ્યો હતો અને બહાર પેટ્રોલ ભરાવી નીકળતો હતો ત્યારે અજાણ્યા છ શખ્સો આ યુવાન ફરતા ઘેરી વળ્યા હતા અને હજુ તો આ યુવાન કશુંક વિચારે તે પહેલા જ આ છ યુવાનો તલવારથી પીઠ પાછળ વાર કરી અને બાઈક ઉપર પાડી દેવામાં આવ્યો હતો.

બાઈક ઉપરથી પડી ગયેલ યુવાનનું બાઈક સોનાનો ચેઈન અને રૂા.૧૮૦૦ રોકડા લઈ અને છએ શખ્સો આ યુવાનને માર મારી નાશી છુટવામાં સફળ રહયા હતા. યુવાનને લીંમડી સારવાર માટે ખસેડી લીંમડી પોલીસને જાણકારી આપવામાં આવતા દોડી આવેલ હતી. ફરિયાદ નોંધી તપાસ હાથ ધરવામાં આવેલ છે.

લીંમડી પોલીસ સુત્રોના જણાવ્યા અનુસારમાં લીંમડી તાલુકાના ચોરણીયા ગામે રહેતા શંકર વજુભાઈ મકવાણા (ઉ.૩૩) લીંમડી હાઈવે ઉપરના ચોરણીયા ગામના પાટીયા પાસે આવેલા પેટ્રોલ પંપ ઉપર પોતાના મોટર સોયકલમાં નં.જીજે ૩ એચ.બી. ૮૫૪૭માં પેટ્રોલ ભરાવવા પેટ્રોલ પંપના કમ્પાઉન્ડમાં આવ્યા હતા અને જયારે તેઓ પેટ્રોલ ભરાવી બહાર નીકળતા હતા ત્યારે અગાઉથી જ રાહ જોઈ અને ષડયંત્ર રચીને ઉભેલા ૬ શખ્સો માના એક શખ્સે તલવાર વડે શંકરભાઈની પીઠ પાછળ તલવારના ઘા મારી અને પછાડી દેવામાં આવ્યા હતા. બાદમાં ગળામાં પહેરેલા સોનાનો દોઢ તોલાનો ચેઈન અને બાઈક અને રૂા.૧૮૦૦ રોકડ સાથે ૬ શખ્સો નાસી છુટવામાં સફળ રહયા હતા.

અજાણ્યા છ શખ્સોની સામે શંકરભાઈએ ફરિયાદ લીંમડી પોલીસ મથકમાં આપવામાં આવેલ છે. ત્યારે પોલીસે આ યુવાનને જુની અદાવત કે શું કારણ હશે તે અંગેની તપાસ હાથ ધરવામાં આવેલ છે.

# સાયલા પંથકમાં વિજશોકથી દિવ્યાંગ યુવતિનું થયુ મૃત્યુ

## આશાસ્પદ યુવતિના મોતથી પરિવારમાં ગમગીની છવાઈ

(ફારૂક ચૌહાણ) વઢવાણ તા.૨૫

સાયલાની યુવતી મોટર બંધ કરવા જતી હતી ત્યારે વીજ શોક લાગતા મોત થયુ હતું.

સાયલાના છેવાડે વિધવા માતા અને બે ભાઈઓ સાથે રહેલી ઝરીનાબેન ઉમરભાઈ બાબી એલ.એન.વોરા કોલેજના બીજા વર્ષમાં અભ્યાસ કરતી હતી.

દિવ્યાંગ ઝરીનાબેન વધુ અભ્યાસ કરીને સરકારી નોકરી કરી પોતાના પરિવાર માટે આર્થિક મદદ કરવાનો મનસુબો ધરાવતી હતી.

આ દિવ્યાંગ ઝરીનાબેન પાણી ભરવા માટેની વીજ મોટર બંધ કરવા ગઈ હતી ત્યારે અચાનક વાયરના કરંટના કારણે શોર્ટ લાગતા બાજુમાં રહેલી પાણી ભરેલી કુંડીમાં પડી ગઈ હતી. ત્યારે અચાનક વાયરના કરંટના કારણે શોર્ટ લાગતા બાજુમાં રહેલી પાણી ભરેલી કુંડીમાં પડી ગઈ હતી. જેના પગની અપંગતાના કારણે બહાર નીકળી શકી ન હતી. આ બાબતની પરિવારજનોને જાણ થતા ઝરીનાબેનને સારવાર માટે સરકારી દવાખાને લઈ જવામાં આવ્યા હતા. પરંતુ ડોકટરનો ઈલાજ અધુરો રહયો હતો અને મોત થતા પરિવારજનોમાં આક્રંદ ફેલાયો હતો.




# વઢવાણમાં જાહેર રોડ પર કારમાં લાગી આગ

વઢવાણ બી–ડીવીઝન પોલીસ મથક પાસેના રસ્તામાં એક મારૂતી વેન કાર લઈને જતા હતા જેમાં અચાનક ગેસ કીટમાં ફોલ્ટ સર્જાવાના કારણે એકા એક મારૂતી વેનમાં વિકરાળ આગ લાગવાની ઘટના ઘટવા પામેલ હતી. મારૂતી વેનમાં આગ લાગતા આ મારૂતી વેનનો ડ્રાઈવર કુદી બહાર આવી જતા તેનો આબાદ બચાવ થવા પામ્યો હતો. વઢવાણ પાસે બી–ડીવીઝન પોલીસ મથક પાસે મોડી સાંજના સમયે મારૂતી વેન નં.જીજે ૧ એમએનમાં એકા એક આગ લાગવાનીઘટના બનવા પામેલ હતી. ત્યારે બી–ડીવીઝન પોલીસ દોડી આવી અને વઢવાણ ફાયર ફાયટરોને જાણકારી આપવામાં આવેલ હતી. ત્યારે આ કાર રતનપરના હસમુખભાઈ મથુરભાઈ દલવાડીની હોવાનું જાણવા મળેલ હતું. ઉનાળાના તાપમાન અને ગેસ કીટ હોવાના કારણે ઘટના ઘટવા પામેલ હોવાનું જાણવા મળેલ છે. ત્યારે વઢવાણના રોડ ઉપર આ ઘટના બનતા નાસભાગ મચી જવા પામેલ હતી. (તસ્વીર/અહેવાલ : ફારૂક ચૌહાણ–વઢવાણ)

# ઝાલાવાડમાં ખેડુતો વાવણી કાર્ય કમાટે તૈયાર પણ ડીઝીટલના ડીંડયાણાને કારણે બીયારણ મળતુ નથી

## કેટલાકે રોકડેથી વેચાણ શરૂ કર્યું; અમુક ડીઝીટલનો આગ્રહ રાખતા હોઈ ખેડુતો મુશ્કેલીમાંઃ

(ફારૂક ચૌહાણ દ્વારા)

વઢવાણ તા.૨૫

ઝાલાવાડમાં ખેડુતોએ ખેતરો ખેડીને તૈયાર રાખ્યા છે પરંતુ ખાતરની ખરીદીમાં કેશલેશ કે રોકડ તે પ્રશ્ને ખેડુતોને મુશ્કેલી ઉભી થઈ છે.

સુરેન્દ્રનગરમાં જીલ્લા અપુરતુ ખાતર અને ભાવો વધતા ખેડુતોને ખાતર મેળવવા માટે આખે પાણી આવી રહયું છે જયારે અમુક ખાતર કંપની રોકડાથી જયારે અમુક કેશલેશ પધ્ધતિ અપનાવતા ખેડુતોને ધરમ ધકકા ખાવા પડે છે.

ઝાલાવાડમાં નર્મદાના નીર આવતા ખેડુતો કૃષિક્ષેત્રે હરણફાળ ભરી રહયા છે હાલ ખેતરો ખેડીને ખેડુતોએ તૈયાર રાખ્યા છે. સુરેન્દ્રનગર જીલ્લામાં ખાતરની ખરીદી ખેડુતોએ શરૂ કરી છે.

ઝાલાવાડના ખેડુતોને યુરીયા ખાતરની ૧૨૦ લાખ ટનની જરૂરીયાત છે. અને પાયાના ખાતરની ૬૦ લાખ ટનની જરૂરીયાત છે. જીલ્લામાં અપુરતુ ખાતરનો સ્ટોક જોવા મળતા ખેડુતો ખેતરમા ખાતર નાખવા માટે મુશ્કેલી પડે છે.

જેમા કેશલેશ સબસીડીના અટપટા પ્રક્રિયાથી ખેડુતો મુઝવણમાં અનુભવી રહયા છે. આ અંગે સુરેન્દ્રનગર જીલ્લાના નર્મદા ફોર્સ આર.એમ. હિશુ અને સરદાર કંપનીના ભીમાણીભાઈએ જણાવ્યુ કે ખેડુતો અત્યારથી ખાતરની માંગ કરી રહયા છે.

જયારે કેન્દ્ર સરકાર સબસીડી કેશલેશ વગેરે પધ્ધતિ અપનાવી હોવાથી તેનો અમલ માટે વેપારીઓને તાકિદ કરાઈ છે. અમારી પાસે ખેડુતો હેરાન થતાં હોવાની ફરીયાદ આવતા પગલા લેવાશે.

### અમુકે ખાતા વિકેતા મનમાની ચલાવતા હોઈ ડીઝીટ્લ ઈન્ડિયાનાં અમલ મુશ્કેલ

આ અંગે મયુરસિંહ ધનજીભાઈ પટેલ દલવાડી મહાદેવભાઈ વગેરે જણાવ્યુ કે હાલ યુરીયા અને ડીએપીની ખરીદી ખેડુતો દ્વારા મોટાપાયે થઈ રહી છે. પરંતુ ખાતરનો જથ્થો ન હોવાના બોર્ડ જોવા મળી રહયા છે.

અમુક વિકેતાઓ કેશલેશને બદલે રોકડમા ખાતર વેચીને રોકડી કરી રહયા છે જયારે કેશલેશમાં થેલી દીઠ રૂા.૧ અને કાચુ બિલ આપીને અમુક ખાતરના વેપારીઓ સરકારી ડિઝીટલ ઈન્ડિયાના ધજાગરા ઉઠાવી રહયા છે.

| ખાતરનું નામ | ખાતરની એક થેલીના ભાવ | કેશલેશ વળતર |
|---|---|---|
| નર્મદા | ૮૦૮ | ૨૫ |
| યુરીયા | ૩૧૫ | ૯.૫૦ |
| ડીએપી સરદાર | ૧૦૮૫ | કેશલેશ નહી |
| નર્મદા શીડસ | ૧૧૦ | |

કેશલેશ નહી

# પાટડી તાલુકામાં ૪૦થી વધુ ગામના તળાવો સુકાઈ ગયા

## રણકાંઠાના વિસ્તારની હાલાકી સામે તંત્રની અનદેખીથી રોષ

(ફારૂક ચૌહાણ) વઢવાણ તા.૨૫

રણકાંઠામાંથી પસાર થતી ખારાઘોડા અને ઝીંઝુવાડા શાખા કેનાલો સહિતની તમામ પેટા શાખા કેનાલો સુકી ભઠ્ઠ પડી છે.

આ અંગે રણકાંઠાના ખેડુતો દ્વારા આ કેનાલોમાં નર્મદાના નીર છોડવા અનેકો વખત કરાયેલી રજૂઆતો તંત્રના બહેરા કાને અથડાઈને પાછી ફરે છે.

બીજી બાજુ ચોમાસા પહેલા આકરા ઉનાળામાં રણકાઠાના ૪૦થી વધુ ગામોના તળાવો તંત્રના વાંકે સુકાભઠ્ઠ બન્યા છે.

આ ખાલીખમ તળાવોના લીધે જે તે ગામ લોકોની સાથે મુંગા અબોલ પશુઓ પાણીના અભાવે ત્રાહિમામ પોકારી ઉઠયા છે.

આ ખાલીખમ તળાવોને તાકીદે નર્મદાના નીરથી ભરવામાં આવે એવી વ્યાપક માંગ ઉઠવા પામી છે. રણકાઠાના મોટાભાગના ગામના તળાવો ખાલીખમ હોવાથી લોકોની સાથે મુંગા અબોલ પશુઓ પણ ૪૫ ડીગ્રી તાપમાનમાં તરસ્યા બન્યા છે.

આથી રણકાઠામાંથી પસાર થતી કેનાલોમાં નર્મદાના નીર છોડવાની અને ખાલીખમ તળાવો નર્મદાના નીરથી છલકાવવામાં આવે આવી વ્યાપક માંગ છે.



# થાનમાં પાન–મસાલાની દુકાનમાં આગથી દોડધામ

થાનના સ્ટેશન રોડ ઉપર આવેલ સુપર પાન નામની હોલસેલ તથા છુટક પાન-મસાલા કરીયાણાનો ધંધો કરતી દુકાનમાં શોર્ટ શર્કીટના કારણે આગ લાગી હતી જેની વેપાર મુલાભાઈએ તુરંત મ.પા.ના ફાયર-ફાયટરને જાણ કરાતાં ન.પા.ફાયર ફાયટર તથા સ્ટાફે પહોંચી એ બંધા પાણીનો મારો ચલાવી બે કલાકે આગ કાબુમાં લીધી હતી. સદ્નશીબે આગના કારણે કોઈ જાનહાની થઈ ન હતી. (તસવીર-અહેવાલ-ફારૂક ચૌહાણ-વઢવાણ)

# સુરેન્દ્રનગરની સરકારી હોસ્પિટલમાં શૌચાલયને ફરી લાગી ગયા તાળા

## દર્દીઓની હાલાકીને ધ્યાને લઈ તંત્ર સત્વરે કાર્યવાહી કરે તેવી માંગ

(ફારૂક ચૌહાણ દ્વારા)

વઢવાણ તા.૨૫

ગાંધી હોસ્પિટલમાં મેડીકલ ચેકઅપ તેમજ વિવિધ રોગોના દર્દીઓ ઉમટી પડયા હતા ત્યારે આ હોસ્પિટલનું પાંચ નંબરનું શૌચાલયને તાળુ મારેલું હોવાથી રોષ ફેલાયો હતો જયારે ખાળકુવા ઓવરફલો થવાથી, શૌચાલય એક દિવસ માટે બંધ કરાયું હોવાનું તંત્રે જણાવ્યુ હતું.

હોસ્પિટલમાં છાશવારે સમસ્યાથી સ્ટાફ સાથે સાથે દર્દીઓને પણ પરેશાની વેઢવાનો વારો આવે છે. હોસ્પિટલના શૌચાલયને તાળા દેખાતા દર્દીઓ સાથે મેડીકલ ચેકઅપ માટે આવેલા પોલીસ કર્મીઓ સાથે લોકો પણ આશ્ચર્યમાં મુકાઈ ગયા હતા કારણ કે દર બુધવારે આ હોસ્પિટલમાં મેડીકલને લગતી તેમજ વિકલાંગ માટેનું ચેકઅપ સહિતની કાર્યવાહી કરવામાં આવે છે. બીજી તરફ વિવિધ કચેરીઓના કર્મચારીઓ પણ ફિટનેશ સર્ટી માટે આ હોસ્પિટલમાં દોડી આવે છે. પરંતુ આ હોસ્પિટલનું શૌચાલય નંબર ૫ માં તાળા લાગેલા જોતા દર્દીઓ, હોસ્પિટલના કર્મચારીઓ સહિતનાઓને હાડમારીનો સામનો કરવો પડયો હતો. તાળા દુર કરીને ફરી શરૂ કરાવવામાં આવે તેવી લોકમાંગ ઉઠી હતી.

સિવિલ સર્જન ડો.એમ.એમ.વેસેટીયને જણાવ્યુ હતુંકે હોસ્પિટલ ખાળકુવા કે